BUSINESS મિત્ર

બિહારની એક્ઝિટ પોલમાં એનડીએની જીતના અહેવાલથી શેરબજારને વધુ જોશ મળ્યો

નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ અને બેન્ક નિફ્ટીએ નવી ઉંચાઇ હાંસલ કરી

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 12: ભારતીય શેરબજારમાં આજે પણ આઇટી શેરોએ આગેવાની લીધી હતી. રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું બંધ કરી દેવાના પગલે અમેરિકા અને ભારતની ટ્રેડડીલની જાહેરાત થવાની તૈયારી હોવાથી રોકાણકારોમાં જોશ આવ્યો હતો અને નવેસરથી ખરીદીનું જોર વધ્યું હતું, એટલું જ નહીં, આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી મિડકેપ ઇન્ડેક્સ અને બેન્ક નિફ્ટીએ નવી ઉંચાઇ હાંસલ કરી હતી.

આજે સેન્સેક્સ 600 પોઇન્ટનો ઉછાળો જોવાયો હતો. નિફ્ટીએ 25900 પોઇન્ટની સપાટી કુદાવી હતી. ભારત-યુએસ ટ્રેડ એગ્રીમેન્ટને વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવાના સમાચાર અને બિહાર વિધાનસભા ચૂંટણીના એક્ઝિટ પોલમાં એનડીએની વાપસીની સંભાવનાએ કારણે આજે બજારમાં વ્યાપક ખરીદી જોવાઇ હતી. જેના લીધે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 4.63 લાખ કરોડનો વધારો થયો હતો.

સેક્ટર વાઇઝ જોઇએ તો આઇટી ઇન્ડેક્સ 2.04 ટકા વધ્યો હતો. જ્યારે ઓટો સેક્ટર 1.24 ટકા સુધર્યો હતો. ફાર્મા, હેલ્થકેર અ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં પણ મજબૂત ખરીદી જોવા મળી હતી. જ્યારે રિયલ્ટી અને મેટલ ઇન્ડેક્સ ઘટ્યો હતો.

બીએસઇ સેન્સેક્સ 595.19 પોઇન્ટ એટલે કે 0.71 ટકા વધીને 84466.51 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 84652 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 84166 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 180.85 પોઇન્ટ એટલે કે 0.7 ટકા વધીને 25850 પોઇન્ટની સપાટી કુદાવીને 25875.80 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25900 પોઇન્ટની સપાટી કુદાવી હતી અને 25934 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 25781 પોઇન્ટના સ્તર સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 136.50 પોઇન્ટ એટલે કે 0.23 ટકા વધીને 58274.65 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઇ ખાતે લોઇડ મેટલ્સ 29.79 ગણા, ક્રિલોસ્કર ઓઇલ એન્જિન 15.47 ગણા, પીઆઇ ઇન્ડ. 15 ગણા, ફોર્ટીસ હેલ્થકેર 14.27 ગણા, બિકાજી ફુડસ 8.2 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રિલોસ્કર ઓઇલ એન્જિન 30.39 ગણા, તેજસ નેટવર્ક 10.65 ગણા, બીએલએસ ઇન્ટર 10.14 ગણા, સેન્ચુરી પ્લાયબોર્ડ 8.28 ગણા અને આવાસ ફાઇ. 7.97 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂત જોવાઇ હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.44 ટકા અને બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ 0.76 ટકા વધ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઇ ખાતે 2505 શેરો વધ્યા હતા અને 1706 શેરો ઘટ્યા હતા અને 170 શેરો યતાવત રહ્યા હતા.

સતત ત્રીજા દિવસે આઇટી શેરો વધ્યા હતા. નિફ્ટી આઇટી ઇન્ડેક્સ 2.04 ટકા વધ્યા હતા. જેમાં ટેક મહિન્દ્રા, એલટીઆઇ માઇન્ડટ્રી, ટીસીએસ, ઓરેકલ ફાઇનાન્સીયલ સર્વિસીસ સોફ્ટવેર, એમફાસીસ, પરસીસ્ટન્ટ સીસ્ટમ, કોફોર્જ, એચસીએલ ટેકનો, વિપ્રો અને ઇન્ફોસીસ વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં સુધારા સાથે શરૂઆત થઇ હતી. યુકે સરકારના શટડાઉન ટુંકમાં સમાપ્ત થિ શકે છે તેવા આશાવાદ વચ્ચે હકારાત્મક સુધારાની ચાલ આગળ વધી હતી. ઓક્ટોબરમાં જર્મન ફુગાવો સહેજ ઘટીને 2.3 ટકાનો થયો હતો. શટડાઉન સમાપ્ત થવાના આશાવાદ પાછળ એશિયન બજારો પણ ઉંચા બંધ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.17 ટકા સઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કેક 1.01 ટકા અને ડેક્સ 1.01 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.33 ટકા, સ્ટ્રેઇટસ 0.58 ટકા, હેંગસેંગ 0.86 ટકા, તાઇવાન 0.58 ટકા, કોસ્પી 1.06 ટકા, જકાર્તા 0.26 ટકાના સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યેર શાંઘાઇ 0.07 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

રૂપિયામાં 7 પૈસાનો ઘટાડો

કરન્સી બજારમાં રૂપિયાનો સુધારો માત્ર એક દિવસ પુરતો સીમિત રહ્યો હતો, આજે ફરીથી ડોલરમાં સુધારાની ચાલ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 88.64ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.57ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 103.05, પાઉન્ડ 116.61, કેનેડિયન ડોલર 63.30, ઓસ્ટ્રેલિયન ડોલર 57.60, જાપાનીઝ યેન 0.5725 અને સીંગાપોર ડોલર 68.17ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	88.63 રૂ.
યુરો	103.05 રૂ.
પાઉન્ડ	116.61 રૂ.
યેન	0.5725 રૂ.

સેન્સેક્સ	595.19	84466.51
નિફ્ટી	180.85	25875.80
બેન્ક નિફ્ટી	136.50	58274.65

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી એન્ટર	4.97	2484.50
એશિયન પેઇન્ટસ	4.24	2769.80
ટેક મહિન્દ્રા	3.42	1456.10
ટીસીએસ	2.78	3131.80
HDFC લાઇફ	2.51	783.10

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.34	178.61
ટીએમપીવી	1.34	402.15
શ્રીરામ ફાઇ.	1.18	822.50
જએસડબલ્યુ સ્ટીલ	0.81	1181.80
બીઇએલ	0.60	424.75

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એશિયન પેઇન્ટસ	4.46	2773.40
ટેક મહિન્દ્રા	3.34	1456.00
ટીસીએસ	2.73	3131.25
બજાજ ફિનસર્વ	2.42	2035.90
અદાણી પોર્ટસ	2.14	1505.70

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાટા સ્ટીલ	1.30	178.65
ટીએમપીવી	1.28	402.30
બીઇએલ	0.64	424.45
કોટક મહિન્દ્રા બેન્ક	0.29	2081.30
પાવરગ્રીડ	0.26	267.00

અદાણી પોર્ટ્સે TNFD ફ્રેમવર્ક અપનાવ્યું

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઇકોનોમિક ઝોન લિ. (APSEZ) નેચર-રિલેટેડ ફાઇનાન્શિયલ ડિસ્ક્લોઝર (TNFD) એડોપ્ટર ટાસ્કફોર્સ બની છે, જે પ્રકૃતિ સંબંધિત અવલંબન,તેની અસરો, જોખમો અને અવસરો પર TNFD-સંરેખિત રિપોર્ટિંગ અમલી બનાવવા માટે પ્રતિબદ્ધ છે. અદાણી પોર્ટસ TNFD ફ્રેમવર્કને સ્વીકારનારી ભારતની પ્રથમ સંકલિત પરિવહન ઉપયોગીતા કંપની બનીને, પ્રકૃતિ સાથે સકારાત્મક અનુકૂળ માળખાકીય વિકાસ માટે એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

TNFD એ એક વૈશ્વિક, વિજ્ઞાન-આધારિત પહેલ છે જેની સ્થાપના યુનાઇટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ ફાઇનાન્સ ઇનિશિયેટિવ (UNEP FI), યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP), વર્લ્ડ વાઇલ્ડલાઇફ ફંડ (WWF) અને ગ્લોબલ કેનોપી સહિતના ગઠબંધન દ્વારા કરવામાં આવી છે

ચાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬ ''	૧૨૭	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૪	૫૦/૩૬ ''	૧૩૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૩૯
૩૦/૩૬ એફડી	૨૬૨	૫૦/૪૮ SD/ક્રેપ	૨૨૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૭૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૩	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૩૧.૫
૬૮/૩૬	૧૨૬	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૨૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૨૬	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૨૪
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૨૪
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૪	૮૦/૭૨ રોટો	૧૩૦	૭૫ ક્રિમ્પ	૧૨૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૩	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૨	૮૦ ક્રિમ્પ	૧૨૯
૮૦/૭૨ રોટો.	૧૨૭.૨૫	૧૬૦ ડીસ્કેટ	૧૪૨	૮૦/૭૨ રોટો	૧૨૮
૮૦/૩૬ રોટો.	૧૨૬	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૦	૮૦/૧૦૮ ''	૧૩૪	૩૦/૩૬ એફડી	---

તેલ બજાર સુરત
૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૫૬૦	કોપરેલ	૭૮૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૩૬૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૬૦	સનફ્લાવર	૨૧૭૦
કપાસીયા (૧૫ કિ.)	૨૪૫૦	તલતેલ	૫૦૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૨૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૭૯૦	મકાઇ તેલ	૨૪૦૦
સરસીયું તેલ	૨૯૫૦		

જથ્થાબંધ ખાંડબજાર
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૦૦
એસ-૩૦	૪૨૫૦

સોના-ચાંદી સુરત
(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૨૮૦૫૫
તેજાબી સોનું	૧૨૭૯૬૫
દાગીના-૨૨ કેરેટ	૧૨૧૬૫૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૨૫૬૦૦
સોનાનાં બિસ્કીટ	૧૨૮૦૫૫૦
ચાંદી (૯૯૯)	૧૬૧૩૫૦
ચાંદી સિક્કા	૧૬૨૮૫૦

સુડોકુ ૬૩૬૯ - 'કૂટિ'

			૩	૫			૮	
	૭	૨						
		૩		૨		૭		૧
૪	૬	૯	૮	૩		૫	૧	
	૮					૩	૯	
	૨	૭	૧			૪	૬	૮
		૬	૨	૮	૩	૧		૪
૨					૪	૮	૫	
		૮		૧			૨	૩

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૬	૨	૩	૭	૬	૫	૭	૨	૭
૭	૫	૨	૪	૩	૭	૬	૬	૨
૪	૭	૬	૬	૨	૩	૭	૨	૬
૩	૩	૪	૭	૨	૫	૫	૩	૩
૨	૬	૭	૫	૩	૬	૨	૭	૫
૬	૪	૭	૨	૬	૩	૭	૫	૪
૭	૬	૫	૨	૬	૭	૩	૩	૪
૫	૨	૭	૭	૫	૩	૬	૪	૬
૩	૭	૨	૭	૫	૬	૪	૬	૭

૭૩૮૬-૭૬૬૭ ક્રિસ્ટિ

દાદીમાના નુસખા
મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

દૂઝતા હરસ

અર્થાત્ મસા સાથે લોહી પડે છે. રાત્રે સૂતી વખતે એક કપ દૂધ એક ચમચા દિવેલ સાથે પીવું. સાથે સવારે ભીંજવેલ ત્રણ અંજીર ખાવા અને રાત્રે ભીંજવેલ ત્રણ અંજીર, બીજા દિવસે સવારે ખાવા.

શબ્દગુંફન - ૭૦૯૩
અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. એક વિદેશી વાંજિંત્ર (૩)
૩. મરે નહિ એવું (૩)
૫. અક્ષય ખન્ના - ઐશ્વર્યા રાયની એક ફિલ્મ (૨)
૬. દિલાસો, ધીરજ (૩)
૭. મુખ, ચહેરો (૩)
૯. મસાલામાં વપરાતું સોડમવાળું બિયું (૨)
૧૦. સમજણ (૨)
૧૨. અવાજ, ધૂન, ટેવ (૨)
૧૩. તાજી તાડી (૪)
૧૪. પાણીનો ઘાટ (૪)
૧૬. વજન, દબાણ (૨)
૧૭. શરીરની ઊંચાઇ (૨)
૧૮. શહેર, પુર (૩)
૧૯. પરાજય (૨)
૨૦. નાશ પામે તેવું (૩)
૨૨. જંગલનું (૨)
૨૯. ઓછું (૨)
૩૦. નવાઇ (૩)
૩૧. મજબૂત કે ટકે નહિ એવું (૪)
૩૩. હિમત (૨)
૩૪. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૩૫. પકડ (૩)

ઊભી ચાવી
૧. પ્રિયતમ, પતિ (૨)
૨. આધાર વગરનું (૩)
૩. ઈશારો, સૂચન (૪)
૪. અવાજ (૨)
૫. ધૂન, મસ્તી (૨)
૮. દાંત (૩)
૯. હઠ, જીદ (૨)
૧૧. કાંઠો, કિનારો (૨)
૧૩. પાણી, જળ (૨)
૧૪. દરજ્જો, ઉપાધિ (૨)
૧૫. બનાવ, બીના (૩)
૧૬. પત્ની, ભાર્યા (૩)
૧૭. દેવું, ઋણ (૩)
૧૮. રોકડું (૩)
૨૦. ધન (૨)
૨૧. એક કિંમતી લાકડું (૩)
૨૩. નવલું, નવીન (૪)
૨૫. ડૂળેલું, લીન (૩)
૨૭. કૃપા, દયા (૩)
૨૯. ક્યારેક (૩)
૩૧. એક તેલી બી (૨)
૩૨. લજ્જા, શરમ (૨)



૯૭૦૬ - ૭૬૬૭ ક્રિસ્ટિ

આજનું પંચાંગ
તા. 13/11/2025, ગુરુવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** કારતક :
તિથિ: વદ : નોમ: 23:34
રાષ્ટ્રિય દિનાંક : કારતક : 22
અયન : દક્ષિણાયન **ઋતુ :** હેમંત
નક્ષત્ર : મઘા: 19:38
યોગ : બ્રહ્મ **કરણ:** તૈતિલ
રાશિ: સિંહ (મ.ટ.)
દિવસ : અશુભ
સુરતમાં સૂર્યોદય : 06:49
સુરતમાં સૂર્યાસ્ત : 17:57 **નવકારસી :** 07:37
પારસી વર્ષ : 1395, તીર માસનો પ્રથમ રોજ
મુસલમાન વર્ષ : 1447, જમાદીઉલ અવલ માસનો 21મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે :13:30 થી 15:00 સુધી

મેષ (અ,લ,ઇ,): વિવાદ ટાળો. મિત્રો સાથે મનોરંજન થાય. ઇચ્છિત લોકો સાથે ગેરસમજથી અશાંતિ વધશે.

વૃષભ (બ,વ,ઉ,): બહારનાં કામનો બોજ સતાવે. ઘરમાં દોડધામ રહે. નોકરીમાં નવા ફેરફારથી બોજ વધે.

મિથુન (ક,છ,ઘ,): મિત્રો-ભાઇ બહેન સાથે વિવાદ થાય. નોકરી માટે પ્રવાસમાં ધીરજ રાખવી. અશાંતિ વધે.

કર્ક (ડ,હ,): ઉધરાણીની ચિંતા સતાવે. ખોટા રોકાણથી સાવધાન રહેવું. અચાનક શુભ સમાચાર મળે.

સિંહ (મ,ટ,): પડવા-વાગવાથી સંભાળવું અચાનક અણગમતા સમાચાર મળે. ઘરમાં અશાંતિ રહે.

કન્યા (પ,ઠ,ણ,): બીજાની પંચાતમાં પડતુ નહીં. પોલીસ લફરાથી સાવધાન રહેવું. કોઇના જામિન થવુ નહીં.

તુલા (ર,ત,): નવા રોકાણમાં ધ્યાન રાખવું મિત્રો સાથે વિવાદ થાય. અભ્યાસ અને શેર બજારમાં અશાંતિ સતાવે.

વૃશ્ચિક (ન,ય,): નવાં ફેરફારથી કામનો બોજ વધશે. નોકરીમાં ઉપરી વર્ગ સાથે ઘર્ષણ થાય. આવક વધે.

ધન (ભ,ધ,ફ,ઢ,): મોજ-શોખ માટે પાર્ટી થાય. જીવનસાથી સાથે ધાર્મિક યાત્રાથી શાંતિ મળે.

મકર (ખ,જ,): પડવા-વાગવાથી સાવધાન. આરોગ્ય નરમ રહે. સરકારી કામમાં વિઘ્નો આવે.

કુંભ (ગ,સ,શ,ષ,): ભાગીદારીમાં વિવાદ ટાળવો. ઘરના કામમાં તાલમેળ ઓછો રહે. ખર્ચા વધશે.

મીન (દ,ચ,ઝ,થ,): નોકર-ચાકરથી સાવધાન રહેવું. બેંક વગેરે કામમાં ગફલત ભારી પડી શકે છે.

આપની આજ
જ્યોતિષાચાર્ય હંસરાજ

કોઇ પણ સાલમાં 13 નવેમ્બરે જન્મે લાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ચડતી-પડતી સાથે નવી તકો પૂરી પાડશે. ટેકનોલોજીનો લાભ મળે. શીખવાનું ફરજીયાત બને. આધુનિક ટેકનોલોજી અને સરકારી નીતિ પ્રમાણે કામ કરવુ પડશે. હરીફો દરેક જગ્યાએ સતાવશે. આર્થિક બાબતે સામાન્ય રહે. પરિવાર-મિત્રોની મદદ મળે અને વધારાની આવકમાં પ્રગતિ થાય. વડીલો સંતાનોના કામમાં મદદરૂપ બને. ઉમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. આરોગ્ય-નરમ-ગરમ રહે ઉધરાણીની ચિંતા સતાવે. નવા ઘર, વાહન, મકાનમાં ઇચ્છિત પ્રગતિ થાય. વિદ્યાર્થીઓની મહેનત ફળે. વિદેશના કામ ધીમાં પડે. જમીન જાયદાદ, વારસામાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇમાં આવક વધારવાની યોજનામાં પ્રગતિ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધશે.

બિહાર ચૂંટણીના પરિણામો એક્ઝિટ પોલથી વિપરીત હશે તો

નિફ્ટી 5થી 7 ટકા નીચે આવી શકે

જો બિહારમાં વિપક્ષી ગઠબંધન સત્તામાં આવે તો તેને રાજકારણના સ્તરે મોટા પરિવર્તનના સંકેત તરીકે જોવામાં આવશે

મુંબઇ, તા. 12: ભારતીય શેરબજારમાં સતત ત્રીજા દિવસે તેજી જોવા મળી હતી, જેમાં ગઇકાલે બિહારમાં મતદાન પુર્ણ થયું હતું અને એક્ઝિટ પોલ જાહેર થયા હતા, જેમાં તમામ એક્ઝિટ પોલ એનડીએને સ્પષ્ટ બહુમતિ આપે છે, જેના લીધે આજે શેરબજારમાં તેજીનો ચઢાવ જોવાયો હતો, પણ જો બિહારની ચૂંટણીના પરિણામ એક્ઝિટ પોલથી વિપરીત આવશે તો શેરબજારમાં એક જોરદાર ઝટકો જોવા મળી શકે, જેમાં નિફ્ટીમાં 5થી 7 ટકાનો ઘટાડો જોવા મળી શકે.

ઇન્ક્વીડ રિસર્ચના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો બિહારમાં એનડીએ સરકાર નહીં બને તો શેરબજાર પર તેની નકારાત્મક અસર પડશે. જેના કારણે શેરબજારના મુખ્ય સૂચકાંકોમાં 5થી 7 ટકાનો ઘટાડો થઇ શકે છે. જોકે, રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે જો મહાગઠબંધન સરકાર બનાવે છે અને તે નાણાકીય પરિસ્થિતિને ઠીક કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને નીતિ ચાલુ રાખે છે, તો બજાર ટૂંક સમયમાં આ ઘટાડામાંથી બહાર આવશે.

આ અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે જો બિહારમાં વિપક્ષી ગઠબંધન સત્તામાં આવે છે, તો તેને રાજકારણના સ્તરે મોટા પરિવર્તનના સંકેત તરીકે જોવામાં આવશે. આનાથી કેન્દ્ર સરકારની નીતિમાં સ્થિરતા અંગે પણ ચિંતા ઉભી થશે. બિહાર વિધાનસભાની ચૂંટણીમાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે સખત ટક્કર છે. બંનેનો વોટ શેર લગભગ 33 ટકા રહેવાની ધારણા છે. યુવા મતદારોની સાથે, લગભગ 100 વિધાનસભા બેઠકો પર અતિ પછાત વર્ગ (ઇબીસી)ના 3-6 ટકા મત ઉલટાવી પરિણામોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

ઇન્ક્વીડ કહે છે કે બિહાર વિધાનસભાની ચૂંટણીના પરિણામોની તમામ ક્ષેત્રો પર સમાન અસર પડશે નહીં. ડિફેન્સ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને પીએસયુ શેરોમાં દબાણ જોવા મળે છે, જ્યારે વપરાશ, પ્રાદેશિક અને એસએમઇ પર કેન્દ્રિત ક્ષેત્રોમાં તેજસ્વીતામાં વધારો જોવા મળી શકે છે.

આગામી ત્રણ નાણાકીય વર્ષમાં સિમેન્ટ ઉદ્યોગ 170 મિલિયન ટન થવાની ધારણા

ઝડપી વિસ્તરણને કારણે આગામી ત્રણ વર્ષમાં સિમેન્ટ ક્ષેત્રમાં મૂડી ખર્ચ 1.2 લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ: ક્રિસિલ

નવી દિલ્હી, તા. 12: ભારતના સિમેન્ટ ઉદ્યોગની ક્ષમતા નાણાકીય વર્ષ 2026 અને નાણાકીય વર્ષ 2028 વચ્ચે 160થી વધીને 170 મિલિયન ટન થવાનો અંદાજ છે, જે છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ઉમેરવામાં આવેલા 95 મિલિયન ટન કરતાં વધુ છે.

ક્રિસિલના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે સિમેન્ટ ઉદ્યોગમાં ક્ષમતામાં તીવ્ર વધારો સારી માંગ અને ઉચ્ચ ક્ષમતાના ઉપયોગને કારણે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે ઝડપી વિસ્તરણને કારણે આગામી ત્રણ વર્ષમાં આ ક્ષેત્રમાં મૂડી ખર્ચ 1.2 લાખ કરોડ રૂપિયા રહેવાનો અંદાજ છે, જે અગાઉના ત્રણ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલા મૂડી ખર્ચ કરતાં 50 ટકા વધુ છે. મોટાભાગે, બ્રાઉનફિલ્ડને કારણે વિસ્તરણમાં જોખમ ઓછું છે અને તેમાંના મોટા ભાગના સારા ઓપરેટિંગ રોકડ પ્રવાહ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે.

પરિણામે, સિમેન્ટ ઉત્પાદકોનો નાણાકીય લીવરેજ, EBITDAના ચોખ્ખા દેવા દ્વારા માપવામાં આવે છે, તે સ્થિર રહેશે, એમ અહેવાલમાં જણાવાયું છે. ઉપરાંત, તે ક્રેડિટ પ્રોફાઇલને સ્થિર રાખવામાં મદદ કરશે. આ અહેવાલ 17 સિમેન્ટ ઉત્પાદકોના વિશ્લેષણ પર આધારિત છે, જેઓ 31મી માર્ચ, 2025 સુધીમાં દેશમાં સ્થાપિત 668 મેટ્રિક ટન ક્ષમતામાં લગભગ 85 ટકા હિસ્સો ધરાવે છે.

છેલ્લા ત્રણ નાણાકીય વર્ષોમાં, સિમેન્ટની માંગમાં જબરદસ્ત વૃદ્ધિ જોવા મળી છે અને ઉત્પાદન વોલ્યુમ 9.5 ટકાના સીએજીઆર પર વધ્યું છે, જે ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને હાઉસિંગ જેવા મુખ્ય ક્ષેત્રો દ્વારા સંચાલિત છે. પરિણામે, ગત નાણાકીય વર્ષમાં ક્ષમતાના ઉપયોગમાં લગભગ 70 ટકાનો વધારો થયો છે, જે દાયકાની સરેરાશ 65 ટકાની સરખામણીમાં છે.

ક્રિસિલ રેટિંગ્સના ડિરેક્ટર આનંદ કુલકર્ણીએ જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026-2028માં સિમેન્ટ ઉત્પાદકોને વાર્ષિક 30થી 40 મેટ્રિક ટનની સારી વધતી માંગની અપેક્ષા છે, જે મજબૂત ક્ષમતામાં વધારો કરશે. અહેવાલ અનુસાર, જ્યારે ક્ષમતા ઉમેરો નોંધપાત્ર છે, ત્યારે તેની સાથે સંકળાયેલા જોખમો આંશિક રીતે એ હકીકત દ્વારા ઘટાડવામાં આવે છે કે લગભગ 65 ટકા ક્ષમતા ઉમેરો બ્રાઉનફિલ્ડ પ્રોજેક્ટ્સ દ્વારા કરવામાં આવશે જેમાં ટૂંકા બાંધકામ સમયગાળા અને મર્યાદિત જમીન સંપાદનની આવશ્યકતાઓ છે, જેના પરિણામે મૂડી ખર્ચ અને ઓછા અમલીકરણ પડકારો છે.

અદાણી એન્ટરપ્રાઇઝનો 700 રૂપિયા ડિસ્કાઉન્ટ પર રાઇટ ઇશ્યુ

કંપનીએ રાઇટ્સ ઇશ્યૂ માટે 17 નવેમ્બરની રેકોર્ડ તારીખ નક્કી કરી અને 24930 કરોડ રૂપિયા એકત્ર કરવાનો લક્ષ્યાંક

નવી દિલ્હી, તા. 12: અદાણી ગ્રુપની સૌથી મોટી કંપની અદાણી એન્ટરપ્રાઇઝના શેર પર રાઇટ્સ ઇશ્યૂ હેઠળ શેર દીઠ 700 રૂપિયાનું ડિસ્કાઉન્ટ આપી રહ્યું છે. વાસ્તવમાં, કંપનીએ તેના રાઇટ્સ ઇશ્યુની કિંમત શેર દીઠ રૂ. 1800 નક્કી કરી છે, અને આજના ટ્રેડિંગ સત્રમાં, શેર 6 ટકા વધીને 2500 રૂપિયાથી ઉપર પહોંચી ગયા છે, આવી સ્થિતિમાં, હાલના શેરહોલ્ડરોને રાઇટ્સ ઇશ્યૂ હેઠળ શેર ખરીદવા પર 700 રૂપિયાનું ડિસ્કાઉન્ટ મળશે. રસપ્રદ વાત એ છે કે, આ સ્ટોક અગાઉના બંધ ભાવથી 24 ટકાના ડિસ્કાઉન્ટ પર ઉપલબ્ધ છે.

કંપનીએ રાઇટ્સ ઇશ્યૂ માટે 17 નવેમ્બરની રેકોર્ડ તારીખ નક્કી કરી છે અને રૂપિયા 24930 કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. અદાણી એન્ટરપ્રાઇઝે 11 નવેમ્બરના રોજ બજાર બંધ થયા બાદ એક્સચેન્જોને ફાઇલ કરતા જણાવ્યું હતું કે તે 13.85 કરોડ આંશિક પેઇડઅપ ઇક્વિટી શેર શેર દીઠ એક રૂપિયા